Department of Science & Technology
Government of Gujarat

# વિધાનસભા તારાંકિત પ્રશ્નક્રમાંક : ૬૬૪૭

ધારાસભ્ય :- શ્રી જનક પટેલ

(શહેર – કરંજ)

# પૂરક નોંધ

# રાજયમાં લોકવિજ્ઞાન કેન્દ્રો


**ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી**

વિજ્ઞાન અને પ્રૌધોગિક વિભાગ, ગુજરાત સરકાર

બ્લોક-બી, ૭મો માળ, બહુમાળી ભવન,

સેકટર-૧૧, ગાંધીનગર

# ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી

વિજ્ઞાન અને પ્રૌધોગિક વિભાગ, ગુજરાત સરકાર

## ગુજકોસ્ટની માહિતી

માનવ ઉત્ક્રાતિમાં  અને માનવજાતનાં વિકાસમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો મહ્ત્વનો ફાળો ` રહ્યો છે. સતત  વિકસતી જતી ટેકનોલોજી અને હાલની પરિસ્થિતીઓનો સમન્વ્ય  કરીને  રાજ્યના વિકાસમાં  વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ  કરી શકાય એ હેતુથી જ સપ્ટેમ્બર ૧૯૮૬ માં ગુજરાત સરકારે શિક્ષણ વિભાગમાં ગુજરાત કાઉન્સિલ  ઓન સાયન્સ  એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) ની સ્થાપના કરી હતી.

ગુજકોસ્ટ શરૂઆતથી જ ટેકનોલોજીના જાણકારો અને તેના વપરાશકારો વચ્ચે સંવાદ જાળવવા માટે કાર્યશીલ છે. તે માટે એક બાજુ તે વિજ્ઞાનીઓ અને એંજિનિયરોને  તો બીજી બાજુ સરકારી વહીવટદારો  અને  કાયદાનાં ઘડવૈયાઓને  એક પ્લેટફોર્મ  પર બોલાવતી રહે છે.  રાજ્યમાં  પ્રવર્તી રહેલ પછાત સ્થિતી  અને ગ્રામ્ય  બેરોજગારી  અને ગરીબીને દૂર કરવા તથા રાજ્યનાં  વિકાસકાર્યોને પ્રોત્સાહન  આપવા માટે વિજ્ઞાન અને ટેક્નોલોજીનો જ્યાં ઉપયોગ  કરી શકાય તેવા  ક્ષેત્રો શોધતી રહે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીનાં વિકાસ માટે  તે વૈજ્ઞાનિક અને ટેક્નોલોજીકલ રિસર્ચ , સરકારી એજંસીઓ અને ઉદ્યોગો  વચ્ચે સંપર્ક અને સહકાર સાધે છે.

આ બધી પ્રવ્રુતી દ્વારા ગુજકોસ્ટ વિકાસ અને  સંશોધનોનાં નવાં સોપાનો સર કરવા માટે વૈજ્ઞાનિક વાતાવરણ સર્જવા પર ધ્યાન આપી રહ્યુ છે. વિજ્ઞાન અને ટેકનોલોજી અને અર્થકારણ વચ્ચે મજબૂત સાંકળ બનીને ગુજકોસ્ટ

રાજ્યની સમાજ–અર્થવિજ્ઞાનની મહ્ત્વની સમસ્યાઓ ઉકેલે છે. નાગરિકોનુ કલ્યાણ કરવા તથા તેમનું જીવન ધોરણ સુધારવા માટે તે પ્રેરક બળ છે.

ગુજકોસ્ટ સોસાયટીજ રજિસ્ટ્રેશન એક્ટ –ક્ષ -૧-૨-૨૦૦૦ કાયદા હેઠળ રજિસ્ટર થયેલું સ્વાયત એક્મ છે અને તે વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કામ કરે છે. તેના ગવર્નિગ બોર્ડમાં વિધાનસભાના એડમિનિસ્ટ્રેશન અને મેનેજમેંટ બાબતોના ચેરમેન તથા શિક્ષણ વિભાગના રાજ્યકક્ષાના માનનીય પ્રધાનશ્રી ચેરમેન રહેશે.

# ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ, ગુજરાત સરકાર

## <u>વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી નો પ્રચાર અને પ્રસાર</u>

એકવીસમી સદીમાં વિજ્ઞાન અને ટેકનોલોજીએ વિશ્વમાં હરણફાળ ભરી છે. વિશ્વમાં જ્ઞાન અને માહિતીનો સતત વધારો થતો જઈ રહ્યો છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને કારણે વિશ્વમાં શિક્ષણનું ક્ષેત્ર તીવ્ર ગતિએ પરિવર્તન પામી રહ્યું છે. આજની શિક્ષણપ્રથાનું માળખું કેટલાક અપવાદને બાદ કરતાં આ ટેકનોલોજીના પ્રવાહથી અલાયદુ રહી શક્યું નથી.

વિજ્ઞાન અને ટેકનોલોજી એ રોજિંદા જીવનમાં વણાઇ ગયેલ વિષય છે. તે જીવનલક્ષી વિષય છે. તેના દ્વારા વ્યકિતમાં કેટલાક આવશ્યક કૌશલ્યો અને વલણો આકાર પામે છે. તેથી આ વિષયને ફક્ત સૈધ્ધાંતિક રીતે જ ન શીખવવતા તેને વધુ પ્રયોગાત્મક અને અનુભવો દ્વારા શીખવવું જોઈએ, જેથી વધુ ગહન અધ્યયન શક્ય બને.

શિક્ષણ એ પરિવર્તનશીલ, પ્રગતિશીલ અને પ્રયોગાત્મક છે. કમ્પ્યૂટર વીસમી સદીની ક્રાંતિકારી શોધ છે. જયારે એકવીસમી સદી એ કમ્પ્યૂટર, ઈન્ફોર્મેશન અને ઈન્ટરનેટની છે. વિશ્વમાં જ્ઞાન અને માહિતીનો સતત વધારો થતો જઈ રહ્યો છે. આજના ઈન્ટરનેટ અને કમ્પ્યૂટર ટેકનોલોજીના જમાનામાં શિક્ષણક્ષેત્રે આમૂલ પરિવર્તનો થયા છે. વિશ્વમાં જ્ઞાન અને માહિતીનો સતત વધારો થતો જ રહ્યો છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના કારણે જ્ઞાનમાં ઝડપી વધારો થાય છે. ઘણા પ્રયોગો, શોધ સંશોધનોના ફળસ્વરૂપે શિક્ષણના નૂતન ક્લેવરો, સ્વરૂપો, પદ્ધતિઓ, પ્રયુકિતઓ અસ્તિત્વમાં આવી અમલી બન્યા છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષય એ રોજિંદા જીવન સાથે ગુંથાયેલ વિષય છે, તે જીવનલક્ષી વિષય છે, જેની દ્વારા વ્યક્તિમાં કેટલાક આવશ્યક કૌશલ્યો અને

વલણો આકાર પામે છે. તેથી આવા વિષયને વધુ પ્રયોગાત્મક અને અનુભવો દ્વારા શીખવવું જોઈએ જેથી વધુ ગહન અધ્યયન શક્ય બને.

ગુજરાત રાજયે વિજ્ઞાન અને પ્રૌધોગિકી દ્વારા વહિવટ માં પારદર્શિતા તેમજ સમય અને ખર્ચમાં બચત તદુપરાંત વિજ્ઞાનનો બહોળો પ્રચાર અને પ્રસાર કરવાનું સ્વપ્ન સિધ્ધ કર્યું છે.

## <u>ઉદ્દેશ</u>

- વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા ગુજરાતનો વિકાસ
- જ્ઞાનના માધ્યમથી અર્થતંત્રને ચેતનવંત બનાવવા માટે દેશના આદર્શ રાજય તરીકે ઓળખ ઉભી કરવી.
- સર્જનાત્મક અને સંશોધાત્મક પ્રવૃતિઓ દ્વારા ઔધોગિક તેમજ રોજગારી ક્ષેત્રમાં સર્વ સમાવિષ્ટ સંતુલિત વિકાસ.

## લોક વિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના અને વિકાસ

રાજયમાં  વિજ્ઞાન અને ટેકનોલોજીનો  પ્રચાર અને પ્રસાર થાય તે હેતુને ધ્યાનમાં લઇ, બાળકો અને વિધાર્થી જગતમાં નાનપણથી જ વિજ્ઞાન તરફ અભિરૂચિ વધે અને વૈજ્ઞાનિક વિચારધારાનો વિકાસ થાયતે માટે  વિજ્ઞાન અને પ્રૌધોગિક વિભાગ, ગુજરાત સરકાર હેઠળની ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા રાજયમાં લોકભાગીદારીથી લોક વિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના  તથા તેનો વિકાસ કરવા માટેની યોજના અમલમાં છે.

બાળકો અને વિધાર્થીઓમાં નાનપણથી જ વિજ્ઞાન તરફ અભિરૂચિ વધે. વૈજ્ઞાનિક મનોવલણ કેળવાય તથા જનસમુદાયમા વૈજ્ઞાનિક વિચારધારાનો વિકાસ થાય તથા વિજ્ઞાન અને પ્રૌધોગિક વિભાગનો પરચાર અને પ્રસાર થાય તે હેતુને ધ્યાનમાં લઇને લોકવિજ્ઞાન કેન્દ્રો ની સ્થાપના સ્થાપના કરવામાં આવે છે. અત્યાર સુધીમાં રાજયના ૧૮ જિલ્લાઓમાં સ્થાપના કરવામાં આવેલ છે. જયારે બાકીના જિલ્લાઓમાં લોકવિજ્ઞાન કેન્દ્રો ની સ્થાપના કરવા માટે આયોજન કરેલ છે. લોકવિજ્ઞાન કેન્દ્રોનું માળખું નીચે જણાવ્યા મુજબ છે.

## લોક વિજ્ઞાન કેન્દ્રોના હેતુઓ

- લોકોને વિજ્ઞાન થી અભિમુખ કરવા
- બાળકો તથા નાગરિકોમાં વૈજ્ઞાનિક મનોવલણ વિકસાવવુ.
- બાળકો-વિધ્યાર્થીઓને તેમનાં અભ્યાસમાં વિવિધ તબક્કે વિજ્ઞાન પ્રવૃતિઓ પૂરી પાડવી.
- શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં પ્રવર્તતી સમાજને નુકશાનકારક અને અવૈજ્ઞાનિક પ્રવૃતિઓ તેમજ સમાજમાં પ્રવર્તતી અંધશ્રધ્ધા, વહેમ કે

કુરિવાજો જેવી બદીઓ પ્રત્યે લોકજાગ્રુતિ કેળવવી તથા તેની નાબૂદી અંગેના પ્રયાત્નો કરવા.

- સમાજીક વિકાસમાં વિજ્ઞાનનો ફાળો મહ્ત્વનો છે. તેથી જીવનનાં વિવિધ તબક્કે વિજ્ઞાનની ઉપયોગિતા અને તેનું મહ્ત્વ સમજાવવા.

## <u>લોક વિજ્ઞાન કેન્દ્રોના કાર્ય અને ફરજો</u>

**(અ) પ્રાદેશિક કક્ષા :**

પોતાના કાર્યક્ષેત્રમાં આવતાં જે તે જીલ્લામાં વિજ્ઞાન કેન્દ્ર ન હોય, ત્યાં જીલ્લામાંકક્ષાની પ્રવ્રુતેઓનું સંકલન સરવું તથા તે જીલ્લાની રસ ધરાવતી સંસ્થાઓને પ્રેરણા અને પ્રોત્સાહ્ન પૂરૂ પાડવું. વૈજ્ઞાનિક વલણ વિકસે તેવા પુસ્તકો કે પત્રિકાઓનું પ્રકાશન કરવું. અન્ય રાજયોમાં ચાલતી વિજ્ઞાન પ્રવ્રુતેઓની માહીતી મેળવવી અને જીલ્લા કેન્દ્રો સુધી પહોંચાડવી.

**(બ) જીલ્લા કક્ષા :**

જુદી જુદી શાળાઓને સાંકળતી વિજ્ઞાન કલબો સ્થાપવી. સ્વાસ્થ તથા જાળવણી, ખોરાક અને તેની પોષણક્ષમતા, રોગ પ્રતિકારક શક્તિવિગેરે માટેના કાર્યક્રમોકરવા. ઉધોગ સાહ્સિકતા અને તેનો વિકાસ, પ્રાદેશિક જરૂરિયાતોને અનુરૂપ પ્રશિક્ષણ/તાલીમ આપવી. વૈજ્ઞાનિક પ્રવ્રુતેઓ અંગેની વિડિઓ ફિલ્મોનું નિદર્શન કરવું.

# <u>લોક વિજ્ઞાન કેન્દ્રોમાં મકાન અને સાધનસામગ્રી</u>

લોક વિજ્ઞાન કેન્દ્રો માટે પ્રાદેશિક કે જીલ્લા કક્ષાએ નીચે મુજબ મકાનની લઘુતમ આવશ્યકતા રહેશે.

(અ) પ્રાદેશિક કક્ષા : પ્રયોગશાળા - ખંડ ૪ (ભૌતિક, રસાયણ, જીવ વિજ્ઞાન, ગણિત માટે), દ્રશ્ય-શ્રાવ્ય સાધનોથી સજ્જ પ્રયોગશાળા-૧, વર્કશોપ-૧, સંગ્રહ્સ્થાન - ખંડ ૧, વ્યાખ્યાન ખંડ- ૨, પુસ્તકાલય ખંડ-૧, કાર્યાલય ખંડ-૧ વગેરેનો સમાવેશ  થઇ શકે તેવું સ્વતંત્ર મકાન હોવુ આવશ્યક છે.

(બ) જીલ્લા કક્ષા : પ્રયોગશાળા - ખંડ ૪, , વ્યાખ્યાન ખંડ- ૧, કાર્યાલય ખંડ-૧ તથા શક્ય હોય તો , વર્કશોપ-૧, વગેરેનો સમાવેશ થઇ શકે તેવું સ્વતંત્ર મકાન આવશ્યક છે.

## સાધનસામગ્રી

<u>(અ) પ્રાદેશિક કક્ષા :</u>

(૧) ઉચ્ચતર માધ્યમિક કક્ષા સુધીનાં તમામ પ્રયોગના સાધનો.

(૨) કોમ્પ્યુટર વીથ ઇન્ટરનેટ કનેકટીવીટી.

(૩) મલ્ટી મીડીયા પ્રોજેકટર-૧, ઓવરા હેડ પ્રોજેકટર-૧, સ્લાઇડ પ્રોજેકટર-૧.

(૪) ટી.વી., વી.સી.આર, સ્ક્રીન, રેડીયો, ટેપ, સાઉંડ સીસ્ટમ.

(૫) વર્કશોપ માટેના આવશ્યક સાધનો.

(૬) ૪૦ થી ૫૦ વર્કીંગ મોડેલ્સ સાથેનું સંગ્રહસ્થાન

(૭) ૩ થી ૪ હજાર પુસ્તકો તથા ૪૦ થી ૫૦ સામયિકો સાથેનું વાંચન સુવિધા ધરાવતું પુસ્તકાલય

(૮) પ્રયોગશાળા માટે આવશ્યક ફર્નિચર

**(બ) જીલ્લા કક્ષા :**

(૧) માધ્યમિક શિક્ષણ કક્ષા સુધીનાં પ્રયોગના સાધનો.

(૨) મલ્ટી મીડીયા પ્રોજેકટર-૧,

(૩) ઓવરા હેડ પ્રોજેકટર-૧, સ્લાઇડ પ્રોજેકટર-૧. તથા સ્ક્રીન

(૪)ટી.વી., વી.સી.આર, સ્ક્રીન, સાઉંડ સીસ્ટમ.

(૫) ૨૫ થી ૩૦ વર્કીંગ મોડેલ્સ સાથેનું નાનું સંગ્રહસ્થાન

(૬) ૧૦૦૦ જેટલા વિજ્ઞાન વિષયક પુસ્તકો તથા ૨૦ થી ૨૫ સામયિકો સાથેનું વાંચન સુવિધા ધરાવતું પુસ્તકાલય

(૭) નાનકડી કાર્યશાળા (વર્કશોપ) અથવા આવશ્યક સાધનો.

## લોક વિજ્ઞાન કેન્દ્રો શરૂ કરવાની પ્રક્રિયા

લોક વિજ્ઞાન કેન્દ્રો જે તે વર્ષમાં શરૂ કરવા માટે સમાચારપત્રોમાં જાહેરાત આપી નિયત ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

આવેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરી યોગ્ય જણાયેલ અરજીઓ અનવ્યે નીચે જણાવેલ સભ્યોની નિષ્ણાત સમિતિ બનાવી સ્થળ તપાસ કરવામાં આવે છે.

## લોક વિજ્ઞાન કેન્દ્રોની સલાહકાર સમિતિ

(૧) ગુજકોસ્ટના સલાહકાર/પ્રતિનિધિ

(૨) જીલ્લા શિક્ષણાધિકારી/પ્રતિનિધિ

(૩) જીલ્લા ઉધોગ કેન્દ્રના મેનેજર/પ્રતિનિધિ/ જીલ્લાના ઉધોગપતિ

(૪) યુનિવર્સિટીના સાય ન્સ વિભાગના ડીન/ સાયન્સ, ઇજનેરી, પોલીટેકનીક કોલેજના આચર્ય.

# <u>વિશેષ નોંધ</u>

## ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી

તા. ૩૧/૧૨/૨૦૧૨ સુધીમાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા ૧૮ જિલ્લાઓમાં કોમ્યુનીટી સેન્ટરો શરૂ કરવામાં આવ્યા. જે પૈકી વડોદરા, રાજકોટ અને ભાવનગર જિલ્લામાં પ્રાદેશિક કક્ષાના લોકવિજ્ઞાન કેન્દ્રો અને ગાંધીનગર, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, આણંદ, ભરૂચ, નર્મદા, સુરત, ડાંગ, સુરેન્દ્રનગર, અમરેલી, જૂનાગઢ, પોરબંદર, જામનગર અને કચ્છ જિલ્લામાં જિલ્લા કક્ષાના કોમ્યુનીટી સેન્ટરો સ્થાપવામાં આવેલ છે. બાકીના ૧૩ જિલ્લાઓ નવસારી, તાપી, ખેડા, દાહોદ, પંચમહાલ, મહેસાણા, બોટાદ, અરવલ્લી, ગીર સોમનાથ, દ્વારકા, છોટા ઉદેયપુર, મહિસાગર અને મોરબી જિલ્લાઓમાં નવા લોકવિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ જિલ્લામાં ગુજરાત સાયન્સ સીટી અને ડાં.વિક્રમ સારાભાઇ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર આવેલ છે અને વલસાડ જિલ્લામાં NCSM ના માધ્યમથી જિલ્લા કક્ષાના લોકવિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે.

આ યોજના અનુસાર વર્ષ ૨૦૧૩-૧૪ માટે રાજયના બાકી રહેલ ૧૩ જિલ્લાઓમાં જીલ્લા કક્ષાના વિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના તથા તેના વિકાસ કરવા માટે નવસારી, તાપી, ખેડા, દાહોદ, પંચમહાલ, મહેસાણા, બોટાદ, અરવલ્લી, ગીર સોમનાથ, દ્વારકા, છોટા ઉદેયપુર, મહિસાગર અને મોરબી જીલ્લાઓમાં છેલ્લા બે વર્ષથી વૈજ્ઞાનિક કાર્યક્રમોમાં સતત પ્રવુતિશીલ, અરજી કરવાની તારીખના ત્રણ વર્ષ પહેલાં રજીસ્ટર્ડ થયેલી અને જીલ્લામથકે લોક વિજ્ઞાન કેન્દ્ર શરૂ કરવા માંગતી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

આ અરજીઓ અંગેની જાહેરાત તા. ૧૨/૦૯/૨013 નારોજ દૈનિક વર્તમાનપત્રમાં  પ્રકાશિત કરવામાં આવેલ છે. આવેલ અરજીઓની ગુજકોસ્ટની ગાઇડ લાઇન મુજબ પ્રાથમિક ચકાસણી કરી યોગ્ય જણાયેલ અરજીઓ એક્ષપર્ટ કમીટીના સભ્યો ધ્વારા મંજુરી આપવામાં આવે છે.

# લોકવિજ્ઞાન કેન્દ્રોના જિલ્લા પ્રમાણેનાં નામ અને સંપર્ક  નંબર

| અ. નં. | જિલ્લો | કોઓર્ડિનેટીગ સંસ્થાનું નામ | કોઓર્ડિનેટરનુ નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ગિરધરભાઇ સંગ્રહાલય જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર,મ્યુજિયમ અને બાલભવન, અમરેલી-૩૬૫૬૦૧ | શ્રી એમ.કે. ગોનડલિયા | ૦૨૭૯૨-૨૨૨૧૧૮, ૯૪૨ ૬૭૧૬૨૬૮ |
| ૨ | આણંદ | સી.સી.પટેલ લોક વિજ્ઞાન કેન્દ્ર, એસ.પી. યુનિવર્સિટી, યુનિવર્સિટી બાકરોલ રોડ, વલ્લભવિધ્યાનગર, આણંદ-૩૮૮૧૨૦ | શ્રી કે.એન. જોષીપુરા | ૦૨૬૯૨-૬૫૩૩૦૮, ૨૩૦૬૦૩ ૯૮૨૫૩૧૮૮૯૭ |
| ૩ | બનાસકાંઠા | જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, કિસાન ઓઇલ મિલની બાજુમાં, લક્ષ્મીપુરા, પાલનપુર-૩૮૫૦૦૧ | શ્રી ભરતભાઇ ઠાકોર | ૦૨૭૪૨-૨૫૯૯૭૩ ૯૮૯૮૪૦૨૭૯૧ |
| ૪ | ભરૂચ | પરમ લોક વિજ્ઞાન કેન્દ્ર, સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન મહિલા બી.એડ. કોલેજ, દિવ્યજ્યોત સંકુલ, પ્રિતમ સોસાયટી-૧ ની નજીક, ભરૂચ | જાગ્રુતી ડી.પંડયા ૯૪૨૭૧૦૫૧૬૧ શ્રી નિલેશ ઉપાધ્યાય ૯૪૨૭૧૦૫૧૬૧ | ૦૨૬૪૨-૨૨૬૬૪૭, ૦૨૬૪૨-૨૨૯૬૧૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | ભાવનગર | કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, પ્લોટ નં-૨૨૩૨, ૧૩/એ, દક્ષિણામૂર્તી સોસાયટી નં -૨, હિલ ડ્રાઇવ, ફુલવડી, ભાવનગર | શ્રી ભાવેશ ભારડ ૯૪૨૬૨૫૫૯૯૯ | ૨૭૮૨૫૭૦૧૧, ૨૫૨૧૯૯૯ |
| ૬ | ડાંગ | પ્રયોસા લોક વિજ્ઞાન કેન્દ્ર, પ્રયોસા પ્રતિસ્ઠાન ડાંગ સ્વરાજ આશ્રમ, આહવા, ડાંગ- ૩૯૪૭૧૦ | શ્રી રતિલાલ સૂર્યવંશી ૯૪૨૯૧૪૪૯૪૬ | ૦૨૬૩૧-૨૨૦૧૫૮, ૨૨૦૧૫૦ |
| ૭ | ગાંધીનગર | નિસર્ગ લોક વિજ્ઞાન કેન્દ્ર, ૬૧/૩, ઘ-ટાઇપ, સ્વામિનારાયણ મંદિરની નજીક, સેકટર-૨૩, ગાંધીનગર | શ્રી અનિલભાઇ પટેલ ૯૪૨૬૬૩૫૨૧૫ | ૦૨૩૨૩૫૨૧૫ (ઓ.) ૯૩૨૭૮૩૫૨૧૫ |
| ૮ | જામનગર | એમ.ડી.મહેતા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, દરબારગઢ, ધ્રોલ - ૩૮૧૨૧૦, જામનગર | સુધાબેન ખંડેરિયા ૯૮૨૫૦૭૮૫૫૦ શ્રી સંજય પંડયા ૯૯૭૯૨૪૧૧૦૦ | ૦૨૮૯૭-૨૨૩૬૩૮ |
| ૯ | જૂનાગઢ | જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, પ્રેમાનંદ વિધ્યા સંકુલ,વંઠાલી રોડ, બિલનાથ મંદિરની નજીક, જૂનાગઢ | શ્રી જી.કે.ભારડ ૯૮૨૫૦૭૬૭૬૫ પ્રતાપ ઓરા ૯૯૭૯૪૩૮૫૩૩ | ૦૨૮૭૩-૨૪૬૩૨૬ |
| ૧૦ | કચ્છ (ભૂજ) | કચ્છ મિત્ર લોક વિજ્ઞાન કેન્દ્ર, ઇંડિયન પ્લાનેટરી | શ્રી અક્ષય મલ્હોત્રા | ૦૨૮૩૨-૩૨૬૩૪૩ |

| | | | | |
|---|---|---|---|---|
| | | સોસાયટી, બાલ ભવન, ખેનગાર પાર્ક, હમિરસાર તળાવની નજીક ભૂજ - ૩૭૦૦૦૧ | | ૯૯૨૫૧૩૯૪૨૫ |
| ૧૧ | નર્મદા | મંથન નર્મદા લોક વિજ્ઞાન કેન્દ્ર, સ્ટેશન રોડ, જુના જિલ્લા પંચાયત કેમ્પસ, ડાક બંગલો (પરીખ પેટ્રોલ પંપની નજીક), રાજપીપળા, નર્મદા | શ્રી અભય આર કોઠારી ૯૮૨૫૦૬૨૪૦૯ ઇન્દ્રજીતસિન્હ ૯૯૨૪૭૪૩૦૨૭ | ૦૭૯-૨૬૭૬૬૫૭૧-૨૬૭૩૨૬૪૮ |
| ૧૨ | પાટણ | પુનાભા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, આદર્શ વિધ્યા સંકુલ, પાટણ -૩૮૪૨૬૫ | શ્રી વિજયભાઇ ચૌધરી ૯૮૯૮૦૫૬૯૪૪ | ૦૨૭૬૬-૨૨૧૮૯૪, ૦૨૮૩૨-૩૨૬૩૪૩ |
| ૧૩ | પોરબંદર | શ્રી સહજાનંદ સ્વામી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, છાયા, શ્રી સ્વામીનારાયણ ગુરુકુલ, છાયા રોડ, છાયા, પોરબંદર -૩૬૦૫૭૮ | શાસ્ત્રી ભાનુપ્રસાદ સ્વામી ૯૮૨૫૨૩૦૪૫૧ | ૦૨૮૬-૨૨૪૫૯૭૩, ૨૨૪૦૯૭૧ |
| ૧૪ | રાજકોટ | ઓ.વી.શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, નેહરુ ઉદ્યાન, રેશ કોર્શ, રાજકોટ - ૩૬૦૦૦૧ | શ્રી મિનેશ મેઘાણી ૯૮૨૪૪૫૩૯૫૦ | ૦૨૮૧-૨૪૪૯૯૪૦ |
| ૧૫ | સાબરકાંઠા | પ્રમુખ સ્વામી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, | શ્રી પ્રવિણભાઇ દેસાઇ | ૦૨૭૭૮-૨૩૧૩૨૭ |

| | | | | |
|---|---|---|---|---|
| | | બડોલી, તા- ઇડર, સાબરકાંઠા | ૯૯૨૫૦૦૩૧૭૦ | |
| ૧૬ | સુરત | જય ભારતી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, નિરગન નિવાસ, ૩જો માળ, ડો. તિજોરીવાલા ગલી,  મહિલા બેંકની નજીક ,બાલાજી રોડ, લાલ ગેટ, સુરત | શ્રી જી.એન. કાકડિયા | ૯૪૨૮૩૯૪૫૬, ૯૯૨૪૮૨૬૧૦૦ |
| ૧૭ | સુરેન્દ્રનગર | ડો.હોમીભાભા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, જે.પી.માર્ગ ૧,સી.યુ.શાહ વિધ્યાલય, દુધરેજ રોડ, સુરેન્દ્રનગર | શ્રી ઘનશ્યામભાઇ મહેતા ૯૫૧૦૬૨૩૬૪૯ | ૯૪૨૮૧૯૨૧૬૩, ૯૪૨૮૧૩૦૨૬૭ |
| ૧૮ | વડોદરા | લોક વિજ્ઞાન કેન્દ્ર, આરતી સોસાયટી, આત્માજ્યોતી આશ્રમ રોડ, સુભાનપુરા, વડોદરા- ૩૯૦૦૨૩ | શ્રી જિતેન્દ્રભાઇ ગવલી ૯૮૨૫૯૧૬૮૭૪ | ૦૨૬૫-૨૩૮૯૭૪૯ |